નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૧૫/૧૨
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ
વડી કચેરી, ઉધોગભવન, ગાંધીનગર
તા :30 /0૧/૨૦૧૬

// પરિપત્ર //

વિષય: નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તે હેતું થી OTS યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણા પરના વ્યાજ્માં રાહત આપવા સમય મર્યાદા વધારી આપવા બાબત.

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમના ઉધોગકારોને નિગમ દ્વારા પ્લોટ/ શેડ/ ક્વાર્ટર/ રહેણાંક પ્લોટ તેમજ વાણિજ્ય પ્લોટ ,ગોડાઉન, દુકાનો વગેરે ફાળવવામાં આવે છે, આવી ફાળવેલ મિલ્કતના બાકી લેણાં માટે નિગમની વસુલાતને વેગ મળે અને ઉધોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણા ઉપરના વ્યાજમાં રાહત મળે તે હેતુ થી વસુલાતને પાત્ર થતા વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત/ માફી આપવા તા ૦૭/૦૭/૨૦૧૫ તેમજ તા. ૨૮/૦૮/૨૦૧૫ થી પરીપત્રિત કરી યોજના અમલમાં મુકવામાં આવેલ જેમાં જણાંવેલી સમયમર્યાદા નીચેમુજબ વધારી આપવા નિગમના નિયામક મંડળ સમક્ષ ૪૮૬મી સભામા' વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત/ માફી આપવા નીચેમુજબ સમયમર્યાદા વધારી આપવાનુ ઠરાવમાં આવેલ છે.

(૧) જે તારીખે ચુકવણું કરવામાં આવે તેની આગળની તારીખ સુધીના બાકી લહેણાંની તમામ રકમ એક સાથે ડીમાન્ડડ્રાફ્ટ કે પે- અર્ડર થી જમાકરાવવાની રહેશે.
(૨) આ યોજના પરીપત્રની તારીખથી તા.૩૧/૩/૨૦૧૬ સુધી અમલમાં રહેશે.
(૩) આ યોજના હેઠળ ૩% દંડકીય વ્યાજ ની રકમ પુરેપુરી માફ કરવામાં આવશે.
(૪) આ યોજના અંતર્ગત પાણી પુરવઠા તેમજ ડ્રેનેજ ચાર્જીસની સંપુર્ણ બાકી લેણી રકમની એક સામટી ચુકવણી કરવા માગતા એકમોને તેમની બાકી લ્હેણી રકમમાં વિલંબીત ચુકવણાં પર વ્યાજમાં ૫૦%(પચાસ ટકા)તથા દંડકીય વ્યાજમાં સંપુર્ણ ૧૦૦%(સો ટકા)માફી આપવાની રહેશે.
(૫) બાકી તમામ લહેણાં નું ચુકવણું એક સાથે કરવામાં આવે તે તારીખ સુધીનું જે કાંઈ વિલંબીત વ્યાજ ચઢયું હોય તેમાં ૫૦% રાહત આપવામાં આવશે.
(૬) જે કોઈ કિસ્સામાં દંડકીય વ્યાજ, વિલંબીત ચુકવણા પરનું વ્યાજ અગાઊ ભરપાઈ થઈ ગયેલ હોય તો તેમાં કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવશે નહી.રાહતની દરખાસ્ત વિભાગના (હિસાબી અધિકારી શ્રી) મારફત ચકાસણી કરી,પ્રાદેશિક મેનેજર શ્રી ની ભલામણ સહ વિભાગીય પ્રબંધક શ્રી દ્વારા મંજુર કરાવવાની રહેશે. તથા મંજુર કરેલ કેસની વિગતો પત્રક સ્વરૂપે કા.નિ. (વસુલાત) ને પ્રગતિ અહેવાલ સહ દર ૧૫ દિવસે રજૂ કરવાના રહેશે.
(૭) જે કોઈ કિસ્સામાં દંડકીય વ્યાજ, વિલંબીત ચુકવણા પરનું વ્યાજમાં રાહત રૂ! ૧૦,૦૦,૦૦૦/- (દશ લાખ) અથવા તેથીવધારે આપવાની થતી હોય તેવા કિસ્સામાં ઉપરોકત મુદ્દા નં .૫ માં જણાવ્યા પ્રમાણે વિભાગીય પ્રબંધકશ્રીની ભલામણ સહ દરખાસ્ત વડી કચેરીએ (મુખ્ય હિસાબી અધિકારી શ્રી) ને મંજુરી અર્થે સાદર કરવાની રહેશે.

(૮) આ યોજના અંતર્ગત દરખાસ્ત કરતાં પહેલાં પાર્ટી દ્વારા આપવામાં આવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડર નિગમના ખાતામાં જમાં કરાવવાના રહેશે.

(૯) સદરહું હુકમના અમલીકરણ અંગે કોઈ વિસંગતતા ઉદભવે તો ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી ને પૃરછા કરી નિરાકરણ કરવાનું રહેશે.

સહી/-

**( મનોજ અગ્રવાલ )**

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,

જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,

૧ નિગમના તમામ અધિકારીઓ તરફ.

૨ પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ......તરફ જાણ સારૂ.

૩ નિગમના તમામ ઔધોગિક વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ.....તરફ જાણ સારૂ.

૪ મેનેજર શ્રી (એસએન્ડએ) જીઆઈડીસી, ગાંધીનગર......તરફ સદર પરીપત્ર વેબસાઈટ પર મુકવા સારૂ.

રવાના કર્યુ :

(ઉમેશ વ્યાસ)

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)